ગાંધીનગર સમાચાર

તા. ૩૦-૩-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

શિક્ષણ ક્ષેત્રમાંથી રાજ્યપાલનો હસ્તક્ષેપ હટાવી દેવાની વ્યૂહરચના

'ગુડ ગવર્નન્સ'ના નામે ગુજરાતની ભાજપ સરકાર વહીવટનાં તમામ ક્ષેત્રોમાં પોતાનો એકાધિકાર સ્થાપવા અધીરી બની ગઇ છે. અતિ મહત્ત્વાકાંક્ષી મુખ્યમંત્રીને પોતાની સત્તા પર અન્ય કોઇનો અંકુશ કે હસ્તક્ષેપ મંજૂર નથી. લોકાયુક્ત ધારાને સ્વાનુકૂળ બનાવી દીધા પછી એમની નજરમાં રાજ્યપાલ હસ્તક રહેતી આવેલી કેળવણી ક્ષેત્રની સત્તા ન ખૂંચે તો જ નવાઇ. રાજ્યપાલ એમનાં પદની રૂએ ગુજરાતની તમામ યુનિવર્સિટીઓનાં કુલાધિપતિ ગણાય છે. આમાં વિશેષ કાનૂની જોગવાઇ દ્વારા વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી તથા ગૂજરાત વિદ્યાપીઠને બાકાત રાખવામાં આવી હતી. વડોદરાના મહારાજાના દાનથી શરૂ કરાયેલી સ્થાનિક યુનિવર્સિટીના કુલાધિપતિ રાજકુટુંબના સભ્ય જ રહેશે એવો પેટા નિયમ પળાતો રહ્યો છે અને ગૂજરાત વિદ્યાપીઠ ગાંધી વિચારને અનુસરતા લોકસેવકો દ્વારા ચલાવાતી હોઇ અને ડીમ્ડ યુનિવર્સિટીનું રાષ્ટ્રીય સ્ટેટ્સ પ્રાપ્ત છે. ગુજરાતની યુનિવર્સિટીઓનાં પોતપોતાનાં અધિનિયમ અને પેટા કાયદા હોઇ રાજ્ય સરકાર એ બધાનું નિયંત્રણ કરવામાં નડતર અનુભવે છે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિ અને ઉપકુલપતિ કોંગ્રેસ લોબીનાં છે; એવું જ ભાવનગર યુનિવર્સિટીનું છે. રાજ્યપાલ મૂળે કોંગ્રેસ ગોત્રનાં હોઇ એમનાં દ્વારા થતી નિમણૂકો કોંગ્રેસના સ્થાનિક અગ્રણીઓની ભલામણ મુજબ થતી હોય તે સ્વાભાવિક છે, ગુજરાતની ભાજપ સરકારને એની સોનાની થાળીમાં આ લોઢાની મેખ ખટકે તે પણ સ્વાભાવિક છે. એથી તમામ સ્ટેચ્યુટરી યુનિવર્સિટીઓનાં પેટા કાયદા રદ્દ કરી એમને નવા, સમાન યુનિવર્સિટી એક્ટ હેઠળ રાજ્ય સરકાર પોતાને હસ્તક લઇ લેવા માગે છે. એથી રાજ્યપાલના વહીવટી અધિકાર નાબૂદ થઇ જશે અને એ માત્ર હોદ્દાની રૂએ કુલાધિપતિ કહેવાશે, સત્તા વગરનાં શોભાનાં ગાંઠિયા જેવા બની રહેશે. આખરી સત્તા રાજ્ય સરકાર કહેતાં મુખ્યમંત્રીના હાથમાં આવી જતાં તેઓ પોતાના ગોઠિયા અને પોઠિયાઓને યુનિવર્સિટીઓનાં ઉચ્ચ પદો પર મરજી મુજબ નિયુક્ત કરી શકશે અને મરજી મુજબ ઉઠાડી મુકી શકશે. આવી એકહથ્થુ સત્તા એ મુખ્યમંત્રીનો સ્વભાવ બની ગયેલ છે. પરંતુ એથી શિક્ષણ જેવા પવિત્ર ક્ષેત્રમાં પણ નર્યું રાજકારણ પ્રવેશી જશે અને યુનિવર્સિટીઓ સરકારી થાણામાં ફેરવાઇ જશે. છેલ્લા કેટલાંય વર્ષો દરમિયાન શિક્ષણ ક્ષેત્રે રાજકારણ પ્રવેશ્યું એથી કુલપતિપદની ગરિમા ઝંખવાઇ છે. સરકાર કે રાજકીય પક્ષોનાં માનીતા એડૂકદડૂકિયા આવાં પદો પર ગોઠવાતાં રહ્યાં છે. હવે એથી પણ બદત્તર સ્થિતિનો સામનો કરવો પડશે. આપણી યુનિવર્સિટીઓએ અગાઉ ડો. હંસા મહેતા જેવી વિદૂષીથી લઇ ઉમાશંકર જોશી અને ડો. પી.સી. વૈદ્ય તથા ડોલરરાય માંકડ અને યશવંત શુક્લ જેવા પ્રખર વિદ્યાપુરૂષોને આવાં સારસ્વતપદો શોભાવતા જોયા છે. આજે એમની પંગતનો એક સારસ્વત તો બતાવો.

હવામાં તરતા તરંગોથી વિજળી ઉત્પન્ન કરતા ઈજનેરીના વિદ્યાર્થીઓ

કલોલ ઈન્સ્ટિટયુટ ઑફ ટેકનોલોજીના ઇ.સી.ના ચાર વિદ્યાર્થીઓએ બનાવેલું ડિવાઈસ હવામાં રહેલી રેડિયો ફ્રિકવન્સી (ઈલેક્ટ્રો મેગ્નેટીક વૅવ)ને ઈલેક્ટ્રીકલ સિગ્નલસમાં પરિવર્તિત કરી દે છે, જેના થકી નાના મોટા વીજ ઉપકરણો ચલાવી શકાય છે

ગાંધીનગર, તા. ૨૯

આજકાલ વાયરલેસ કમ્યુનિકેશનનો જમાનો છે. દૂર અંતરિયાળ ગામડાઓમાં પણ ટીવીનું પ્રસારણ જોઈ શકાય છે અને મોબાઈલ પર વાતચીત કરી શકાય છે. રેડિયો ફ્રિકવન્સીના નામે ઓળખાતા આ શરીરને હાની પહોંચાડતા ઈલેક્ટ્રો મેગ્નેટીક વેવને ઈલેક્ટ્રીકલ વેવમાં પરિવર્તિત કરી તેનો ઉપયોગ કરવાનો વિચાર કલોલ ઈન્સ્ટિટયુટ ઑફ ટેકનોલોજીના ઈ.સી. વિભાગમાં અભ્યાસ કરતાં ચાર મિત્રો તરંગ, હિરેન, મિતેષ, અને અર્ચિતને આવ્યો. તેમણએ લગભગ એક વર્ષની મહેનત બાદ એવું ડિવાઈસ બનાવવામાં સફળતા મેળવી છે, જે હવામાં રહેલાં તરંગોને પરિવર્તિત કરી શકે છે, અને તેના થકી નાના મોટા ઈલેક્ટ્રીકલ ડિવાઈસને ચલાવી શકાય છે.

તેમનાં આ નવા સંશોધન અંગે વાત કરતાં તરંગ પટેલ કહે છે કે, એકવાર અમારા પ્રોફેસર સાથે વાયરલેસ ટેકનોલોજી વિશે વાત થતી હતી. તે દરમિયાન જ ચર્ચા

દરમિયાન અમને વિચાર આવ્યો કે ટીવી ટાવર, રેડિયો ટાવર અને મોબાઈલ ટાવરમાંથી ટ્રાન્સમીટ થતાં ઈલેક્ટ્રો મેગ્નેટીક વૅવને જો એકત્ર કરી શકાય તો તેમાંથી ઉર્જા ઉત્પન્ન થઇ શકે છે. આમ બસ આ વિચારને અમલમાં મુકવા અમે ચારેય મિત્રો મહેનત કરવા લાગ્યા. જુદી જુદી ડિઝાઈનો બનાવી, તેમાંથી સફળ થઇ શકે તેવી ડિઝાઈન પસંદ કરી શકે તેવી ડિઝાઈન પસંદ કરી મૉડેલ બનાવવાનું શરૂ કર્યું. મૉડેલમાં જરૂરી હોય તેવી કેટલીક સામગ્રી વિદેશમાંથી પણ મંગાવવી પડી. અંતે તરંગ પટેલ, હિરેન દુધાત, મિતેષ પટેલ અને અર્ચિત પટેલની ટીમ આ મોડલ બનાવવામાં સફળ થઈ છે.

શરીર માટે હાનિકારક છે તેવા હવામાં તરતા ઈલેક્ટ્રો મેગ્નેટીક વેવને ઈલેકટ્રીકલ સિગ્નલમાં પરિવર્તિત કરતી આ ડિવાઈસથી હાલમાં એક મોબાઈલ ચાર્જ થઈ શકે તેટલી ઉર્જા મળે છે. આ ડિઝાઈનને જો વધુ વિકસાવવામાં આવે તો તેનાથી વીજળીના નાના ઉપકરણોને આસાનીથી ચલાવી શકાય છે. આ ચારેય મિત્રોએ તેમની આ ડિવાઈસની ડિઝાઈન પેટન્ટ મેળવવા પણ અરજી કરી છે. સંશોધન ક્ષેત્રે સફળતાપૂર્વક ડગ માંડી રહેલાં આ મિત્રો ખરેખર કાબિલે તારીફ છે.

અમને ગાંધીનગરવાળાને કોઈ જગ્યાએ ટ્રાફીક સીગ્નલ પરેશાન ન કરે... અમે પહેલેથી જ ફુટપાથ પર ડ્રાઈવ કરવા ટેવાયેલા છીએ.

જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈનો સાહિત્યિક પ્રવાસ

ગાંધીનગર, તા. ૨૯

છેલ્લા એકાદ મહિના દરમિયાન ગાંધીનગર નિવાસી સર્જક અને સમાજચિંતક ડૉ. કેશુભાઈ દેસાઈએ ગુજરાતની વિવિધ વિદ્યા સંસ્થાઓનાં નિમંત્રણથી મનનીય વ્યાખ્યાનો આપ્યાં હતા અને વિદ્યાકીય પરિસંવાદો તથા કાર્યશાળાઓનું ઉદ્ઘાટન કર્યું હતું. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે ડૉ. અંબાશંકર નાગરની પ્રથમ વરસી પ્રસંગે યોજાયેલ ગુજરાતની હિંતી સાહિત્ય સર્જકો વિશેની પરિસંવાદની અધ્યક્ષતા કરતાં એમણે જણાવ્યું હતું કે ગુજરાતે હિંદીએ હિંદીને કયારેય પારકી ભાષા ગણી નથી. એમણે નરસિંહ, મીરા અને દયારામની હિંદી રચનાઓનો ઉલ્લેખ કર્યો હતો તથા હિંદી ગદ્યના પ્રણેતા લલ્લુ લાલજી તથા દયાનંદ સરસ્વતીને વિશેષ અંજલી આપી હતી. ખેરાલુની આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ ખાતે હિંદી સાહિત્ય અકાદમીના સહયોગથી યોજાયેલ આત્મકથા વિશેનાં પરિસંવાદનું ઉદ્ઘાટન પ્રવચન કરતાં એમણે જણાવ્યું હતું કે આત્મકથા એ લેખકે પોતાના અંતરાત્માના અવાજને શબ્દસ્થ કરવાનો પ્રામાણિક પુરૂષાર્થ છે. કૉલેજ ખાતે પાટ પરંપરા વિશેનાં પરિસંવદામાં પણ એમણે મનનીય અધ્યક્ષીય વ્યાખ્યાન આપ્યું હતું. મહેસાણા ખાતે 'જોસેફ મેકવાનની સાહિત્યસૃષ્ટિ' વિષય પર યાજાયેલ પરિસંવાદમાં એમણે સર્જનાત્મક અભિનિવેશ ધરાવતાં મોટા ગજાનાં સર્જન્ક 'સેન્ટ જૉસેફ'ના સાહિત્યમાં ખ્રિસ્તીતત્ત્વ પરત્વે અંગુલ નિર્દેશ કર્યો હતો. ગોષ્ઠીનું અધ્યક્ષીય સમાપન

પણ એમની નિશ્રામાં યોજાયું હતું.

ખેડબ્રહ્મા અને બોદાટ મહિલા કૉલેજ ખાતે વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાનપદે તથા અધ્યક્ષ પદે ઉપસ્થિત રહી ડૉ. કેશુભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓને આવી પડનારા પડકારો ઝીલવા કમ્મર કસી તૈયાર થવા ભાવસભર આહ્વાન કર્યું હતું. ડૉ. કેશુભાઈ દેસાઈ પર પી.એચ.ડી. કરનાર ડૉ. મનીષ ચૌધરી દ્વારા લિખિત ગ્રંથ 'ગ્રામચેતનાના નવલકથા કાર ડૉ. કેશુભાઈ દેસાઈ'નું ખેરાલું આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ ખાતે જાણીતા વિવેચક ડૉ. ભરત મહેતાએ વિમોચન કર્યું હતું.

ચૈતન્ય સ્કૂલ દ્વારા ઈનામ વિતરણ કાર્યક્રમની ધામધૂમથી ઉજવણી

ગાંધીનગર, તા. ૨૯

વિદ્યાનિકેતન ટ્રસ્ટ દ્વારા સંચાલિત ચૈતન્ય સંકૂલ લેંકાવાડા અને ગાંધીનગરના કે.જી.થી માંડીને ધોરણ ૧ થી ૯ના વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ તાજેતરમાં બારોટ એમ્પિ-થિયેટર ખાતે યોજાયો હતો. શાળાના વિદ્યાર્થીઓ કે જેઓએ શૈક્ષણિક, રમત-ગમત તેમજ અન્ય ઈતર પ્રવૃત્તિઓમાં વિજેતા ક્રમ હાંસલ કર્યો છે તેવા વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ચૈતન્ય સ્કૂલ ગાંધીનગર દ્વારા કે.જી.થી ધોરણ-૧ થી ૯ના વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ટ્રસ્ટના સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિની પણ ઘોષણા કરવામાં આવી હતી. સાયન્સ ઓલમ્પિયાડ ફાઉન્ડેશન દ્વારા આયોજીત પંદરમાં સોફ નેશનલ

ઓલમ્પિયાડમાં ભાગ લીધેલા દરેક ક્લાસના ત્રણ વિજેતાઓને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. લેન્ડમાર્ક ગૃપે સાબરમતી હાઉસને વૃક્ષોની જાળવણી કરવા બદલ ટ્રોફી એનાયત કરી હતી. નર્મદા હાઉસને વૃક્ષો પ્રત્યે જાગૃતિ દેખાડવા બદલ સાવલિયા શેઠ ગાર્ડન એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. ઈનામ વિતરણ સાથે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરવામાં આવ્યો હતો.

ઈનામ વિતરણ સમારોહમાં મુખ્ય મહેમાન ગૃપ કેપ્ટન મોહન્થાએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં શાળાનો મુખ્ય સિદ્ધાંત 'ચાઈલ્ડહૂડ ફોર ચાઈલ્ડ'ને સફળતાપૂર્વક અમલમાં મૂકવા બદલ શાળાના પ્રયત્નોને બિરદાવ્યા હતા. આ પ્રસંગે શાળાનું ગીત 'ચૈતન્ય કી ચેતના' શિક્ષક નીરૂપમા, હેમંત સોની અને સહયોગી શિક્ષકો દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. શાળાના નવા એડમીશન મેળવેલ વાલીઓ અને વિદ્યાર્થીઓએ આ પ્રસંગે શાળાના વિશાળ કેમ્પસ રમત-ગમતના મેદાન, તેમજ હવા-ઉજાશથી ભરપૂર શાળાના વર્ગખંડોને જોવાનો લાભ ઉઠાવ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓએ 'જય ગણેશા'ના ગીત ઉપર ડાન્સ રજૂ કરી શાળાના જૂના વર્ષને વિદાય તેમજ નવા વર્ષનું સ્વાગત કર્યું હતું.

અડાલજ ભઠ્ઠા વિસ્તારમાં બે આંગણવાડીનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયતના મહિલા અને બાળ કલ્યાણ સમિતિ દ્વારા શ્રમિકોના બાળકોને અભ્યાસની સુવિધા મળી રહે તે માટે તાજેતરમાં અડાલજ વિસ્તારમાં બે આંગણવાડી શરૂ કરવામાં આવી છે. જેમાં શરૂઆતમાં જ ૨૩૭ બાળકો નોંધાયા છે.

અડાલજ ભઠ્ઠા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી શ્રમિકોના બાળકોને આંગણવાડીનો લાભ મળે તે માટે મહિલા અને બાળ કલ્યાણ સમિતિ દ્વારા સઘન પ્રયાસો હાથ ધરાયા હતા. જેના પરિણામ સ્વરૂપ ગાંધીનગર જિલ્લા પંચાયતના મહિલા અને બાળ કલ્યાણ સમિતિ દ્વારા અડાલજ ભઠ્ઠા વિસ્તારમાં બે આંગણવાડી શરૂ કરવામાં આવી છે. જેમાં ભઠ્ઠા વિસ્તારના શ્રમિકોના ૨૩૭ બાળકો આંગણવાડીમાં નોંધાયા છે. અડાલજ ભઠ્ઠા વિસ્તારમાં શ્રમિકજનોની સંખ્યા ઘણા પ્રમાણમાં છે જેમના બાળકોને પ્રિ-એજ્યુકેશનનો લાભ મળી શકે તે માટે બે આંગણવાડી શરૂ કરાઈ છે. જેમાં આસપાસના શ્રમિકજનોએ જાગૃકતાપૂર્વક પોતાના બાળકના નામની નોંધણી કરાવી છે.

એક જ પ્રકાશક પાસેથી પુસ્તકો ખરીદનાર શાળા સામે કડક પગલાં લેવાશે

શાળા લાયબ્રેરી અંગે રજીસ્ટર પણ મેન્ટેન કરવું પડશે

ગાંધીનગર, તા.૨૮

સર્વ શિક્ષા અભિયાન અન્વયે શાળાઓમાં લાયબ્રેરી શરૂ કરવાના પ્રોજેકટ અંતગર્ત એક જ પ્રકાશક પાસેથી પુસ્તક ખરીદનાર શાળાના સંચાલક સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વિદ્યાર્થીઓ પુસ્તકો સાથે વધુ ફ્રેન્ડલી બને તેમજ વાંચનવૃત્તિ કેળવાય તેવા અભિગમ સાથે ટેકનોલોજીના યુગમાં સ્ટુડન્ટસને પુસ્તકો અને સાહિત્યથી વિમુખ થતા અટકાવવા શાળાઓમાં પુસ્તકાલય શરૂ કરવા નિર્ણય લેવાયો છે. રાજયના સર્વ શિક્ષા અભિયાન અન્વયે આ પ્રોજેકટ અન્વયે રૂ. ૭૦ લાખ ફાળવવામાં આવ્યા છે. જયારે આ અન્વયે ગાંધીનગર જિલ્લાની ૫૯૦ પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલય શરુ કરવા ગ્રાન્ટ પણ ફાળવી દેવામાં આવી છે. જેમાં સ્કુલ કક્ષાની કમિટી દ્વારા પુસ્તકો ખરીદી લાયબ્રેરી શરુ કરવામાં આવશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બહાદુરસિંહ સોલંકીના જણાવ્યા મુજબ આ મામલે જિલ્લાની તમામ પ્રાથમિક શાળાના સંચાલકોને પરિપત્ર આપી દેવાતા શાળા કક્ષાએથી પુસ્તકોની ખરીદી કરવામાં આવી રહી છે. આ દરમિયાન પુસ્તકોની ખરીદી કમિશન બેઈઝ થતી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આ મામલે પણ તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ માટેના પુસ્તકો પણ જો કોઈ એક જ પ્રકાશક પાસેથી ખરીદવામાં આવશે તેમજ અન્ય કોઈ ગેરરીતિ જણાશે તો જવાબદાર શાળાના સંચાલકો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વધુમાં પુસ્તકો અંગેનું રજીસ્ટર રાખવાની સાથે વાંચન અંગેની નોંધ રાખવા પણ સંચાલકોને જણાવાયુ છે.

પરીક્ષા સમયે જ જીટીયુમાં ૫ કર્મચારીઓની બદલીથી વિવાદ

અમદાવાદ, તા.૨૯

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં આગામી સમયમાં તમામ અભ્યાસક્રમોની પરીક્ષાનું આયોજન કરવામાં આવનાર છે. આ પરીક્ષાઓ પહેલાંજ જીટીયુમાં મહત્વની જવાબદારીઓ નિભાવતા પાંચ કર્મચારીઓની ટેકનિકલ શિક્ષણ વિભાગ દ્વારા બદલી કરી નાખવામાં આવી છે. જેના કારણે સમગ્ર જીટીયુનું તંત્ર ભાંગી પડ્યું છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનું તંત્ર મુશ્કેલીમાં મુકાઈ ગયું છે. કારણકે, આગામી સમયમાં જીટીયુની વિવિધ અભ્યાસક્રમોની પરીક્ષા યોજાવાની છે. તે પહેલાં જ રાજ્ય સરકારના ટેકનિકલ શિક્ષણ વિભાગ દ્વારા પાંચ કર્મચારીઓની બદલી કરી દેવાઈ છે. જેમાં યુએન નાણાવટી, એસએમ પટેલ, આરએમ પટેલ, આશિષ દેસાઈ અને ટીઆર રાવલનો સમાવેશ થાય છે. આ પાંચ કર્મચારીઓમાંથી ચાર કર્મચારીઓને તો પરીક્ષાની મહત્વની કામગીરી સોંપવામાં આવેલી હતી. જેના પગલે સમગ્ર જીટીયુનું તંત્ર પડી ભાંગે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. એકબાજુ અત્યારે જીટીયુમાં નિષ્ણાંત માણસોની અછત છે ત્યારે એક સાથે મહત્વની જવાબદારી નિભાવી રહેલા પાંચ કર્મચારીઓની બદલી કરાતા જીટીયુને કામગીરીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેનાં કારણે જીટીયુએ ટેકનિકલ શિક્ષણ વિભાગને પત્ર લખીને પોતાનો રોષ ઠાલવ્યો છે અને બદલીની પ્રક્રિયા પરીક્ષા પુરી ન થાય ત્યાં સુધી અટકાવવા માંગ કરી છે.

અમદાવાદમાં ૧ મેથી રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન

અમદાવાદ, તા.૨૯

મ્યુનિસિપલ કોર્પોરેશન, નેશનલ બુક ટ્રસ્ટ, ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત પ્રકાશન મંડળના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૧ થી ૭મે સુધી ગુજરાત યુનિવર્સિટી કન્સેશન સેન્ટર ખાતે રાષ્ટ્રીય પુસ્તકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

મ્યુનિસિપલ કમિશનર ડો.જી મહાપાત્રાએ આજે જણાવ્યું હતું કે, આ પુસ્તક મેળામાં ૩૫૦ બુકસ્ટોલ હશે અને આ વખતે કે એમ મુન્સી તથા રાજેન્દ્ર શાહની થીમ રાખવામાં આવી છે. પુસ્તક મેળો દરરોજ બપોરે ૧૨થી રાત્રે ૧૦ અને શનિ-રવિ સવારે ૧૦થી રાત્રે ૧૦વાગ્યા સુધી કાર્યરત રહેશે. જેમાં ૪૦ ફુડ સ્ટોલ, ૨૫૦૦ની ક્ષમતાવાળા એસી ઓડીટોરીયમમાં વિવિધ સાહિત્યીક કાર્યક્રમો યોજવામાં આવશે.

સુનિતા વિલિયમ્સ ૬ એપ્રિલે ડૉક્ટરેટની માનદ ડીગ્રી સ્વીકારશે

જી.ટી.યુ. દ્વારા ડિગ્રી એનાયત કરાશે : સુનિતા વિલિયમ્સ વિદ્યાર્થીઓ, વિવિધ ફેકલ્ટીઓ તથા ડીન સાથે વાર્તાલાપ કરશે

અમદાવાદ,તા. ૨૯

વિશ્વ પ્રસિદ્ધ અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ આગામી તા. ૬ એપ્રિલે ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટી (જીટીયુ)માં આવશે. સુનિતા વિલિયમ્સ જીટીયુ દ્વારા તેમને અપાયેલ પીએચડીની માનદ ડીગ્રીને સ્વીકારવા માટે આવવાના છે. ૬ એપ્રિલે તેઓ સવારે ૯ થી ૧૧ દરમિયાન પોતાની માનદ ડીગ્રી સ્વીકારવા ઉપરાંત વિદ્યાર્થીઓ, ફેકલ્ટી તથા ડીન સાથે વાર્તાલાપ કરશે.

વિશ્વપ્રસિદ્ધ અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ થોડા સમયમાં ગુજરાતની મુલાકાતે આવવાના છે. તેઓ પોતાની આ મુલાકાતમાં થોડા

સમય પહેલા જીટીયુ દ્વારા તેમને પીએચડીની માનદ ડીગ્રી સ્વીકારશે.

જીટીયુ દ્વારા થોડા મહિના પહેલા અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ, આર્ટ ઓફ લિવિંગના શ્રી શ્રી રવિશંકર મહારાજ તથા આઈઆઈએમ અમદાવાદ બોર્ડના એ. એમ. નાયરને પીએચડીની માનદ ડીગરી આપવાની જાહેર કરાઈ હતી. જીટીયુના દ્વારા યોજાયેલ પદવીદાન સમારંભમાં શ્રી શ્રી રવિશંકર મહારાજ તથા આઈઆઈએમના એ એમ નાયરને પીએચડીની માનદ ડીગ્રી અર્પણ કરી દેવામાં આવી હતી.

સુનિતા વિલિયમ્સ તા. ૬ એપ્રિલે જીટીયુમાં આવશે તેઓ સવારે ૯ થી ૧૧ સુધી રોકાશે. આ સમયમાં તેઓ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી તથા ડીન સાથે મળીને વાર્તાલાપ કરશે. જીટીયુ દ્વારા સુનિતા વિલિયમ્સ સાથે વાર્તાલાપ કરવા માટે વિવિધ બ્રાન્ચોના ટોચના બે બે વિદ્યાર્થીઓના નામની યાદી મંગાવી છે તે નામમાંથી જે વિદ્યાર્થીઓને અવકાશયાત્રામાં રસ ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરીને તેવા વિદ્યાર્થીઓને સુનિતા વિલિયમ્સ અવકાશયાત્રા વિષે તથા તેને લગતા કોર્ષ વિષે માર્ગદર્શન આપશે.

અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વવિખ્યાત અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ મુળ ગુજરાતના વતની છે તથા તેઓ લગભગ ત્રણ વખત અંતરીક્ષમાં જઇ આવ્યા છે. છેલ્લે તેઓ અંદાજે છ મહિના નાસા દ્વારા અંતરિક્ષમાં રહેલા અંતરિક્ષ સંશોધન કેન્દ્રમાં સંશોધન કાર્ય પૂર્ણ કરીને તેમની ટીમ સાથે લગભગ દિવાળી પછી પરત ધરતી પર હેમખેમ પરત આવ્યા હતા.

આજે મહિલા યોગ પ્રાણાયામ શિબિરનો સમાપન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

દિવ્ય જીવન સંઘ, ગાંધીનગર શાખા અને ગાયત્રી મંદિર ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગાયત્રી મંદિરના સભાખંડમાં મહિલાઓ માટે યોજાયેલી 'યોગાસન-પ્રાણાયામ-ધ્યાનયોગ દ્વારા રોગોપચાર-તણાવમુક્તિ' શિબિરનો સમાપન કાર્યક્રમ આજે સાંજે ૫ કલાકે યોજાશે.

મહિલાઓ માટેના યોગાસન, પ્રાણાયામ, ધ્યાનયોગ, યોગ દ્વારા રોગોપચાર તણાવમુક્તિ શિબિરનો સમાપન કાર્યક્રમ આજે તા. ૩૦મી માર્ચ-૨૦૧૩ને સાંજે ૫ કલાકે ગાયત્રી મંદિરના સભાખંડમાં યોજાશે. જેમાં પધારવા સૌ જિજ્ઞાસુ સાધક ભાઈ બહેનોને જણાવાયું છે.

દિવ્ય જીવન સંઘ દ્વારા ૧લીથી નિઃશુલ્ક ધ્યાન યોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૯

યોગાસન-પ્રાણાયામ, ધ્યાન યોગ દ્વારા તણાવમુકિત અને શારીરિક, માનસિક આરોગ્યના સાંગોપાન માટેની નિઃશુલ્ક તાલીમ શિબિર ગાયત્રી મંદિર, ગાંધીનગર ખાતે તા.૧લી એપ્રિલથી ૧૦મી એપ્રિલ દરમિયાન યોજાશે.

દિવ્ય જીવન સંઘના ઉપપ્રમુખ અશ્વિનભાઈ દવેના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ તા.૧લી એપ્રિલથી ૧૦મી એપ્રિલ દરમિયાન ગાયત્રી મંદિરના ધ્યાનખંડમાં સવારે ૭ થી ૮.૧૫ કલાક સુધી નિઃશુલ્ક યોગાસન-પ્રાણાયામ, ધ્યાન યોગ તાલીમ શિબિર યોજાશે ધ્યાન થતા ધ્યાન દ્વારા રોગોપચારની નિઃશુલ્ક તાલીમ પ્લોટ નં. ૧૩૦૧/૧, સે-૭-ડીમાં દર બુધવારે સારે ૯ થી ૧૦ અને શનિવારે સાંજે ૫થી ૬ અશ્વિનભાઈ દવેના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ તા.૧લી એપ્રિલથી શરૂ કરવામાં આવશે. આ નિઃશુલ્ક તાલિમ શિબિરમાં જોડાવા સૌ જિજ્ઞાસુઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

આજે ગુજરાત યુનિવર્સિટીની સેનેટની મહત્વપૂર્ણ બેઠક

અમદાવાદ, તા. ૨૯

ગુજરાત યુનિવર્સિટીની સેનેટની બેઠક આવતીકાલે તા. ૩૦મી માર્ચે સેનેટ હોલમાં મળશે. આ બેઠકમાં વર્ષ દરમિયાન યુનિ. દ્વારા કરવામાં આવેલ કાર્યો અને વાર્ષિક બજેટ પ્રશ્નોત્તરી તથા પ્રસ્તાવો રજુ કરવામાં આવશે. ગુજ.યુનિ.ના પ્રથમ વખતે આ બેઠકનો કાર્યભાર ઉપકુલપતિ મુકુલ શાહ સંભાળશે.

આવતીકાલે તા. ૩૦મી માર્ચે ગુજરાત યુનિવર્સિટીની સેનેટની વાર્ષિક બેઠક સેનેટ હોલમાં મળશે.

બેઠક બપોરે ૧૨.૩૦ કલાકે મળશે. આ બેઠકમાં સૌ પ્રથમ ગયા વર્ષની બેઠકની મિનીટ્સ મંજૂર કરવામાં આવશે. ત્યાર બાદ એક કલાક જેટલો સમય વિવિધ મુદ્દે પ્રશ્નોત્તરી કરવામાં આવશે. જે પ્રશ્નોનો જવાબ કુલપતિએ આપવાના હોય છે. પ્રશ્નોત્તરી પછી યુનિ.નો વાર્ષિક અહેવાલ રજુ કરવામાં આવશે, યુનિ.નું આવતા વર્ષ માટેનું વાર્ષિક બજેટ મંજુર કરવામાં આવશે. બોર્ડ ઓફ એકાઉન્ટની નિમણુંક તથા તેની મંજુરી આપવામાં આવશે, છેલ્લે જુદા જુદા પ્રસ્તાવો રજુ થશે.

સામાન્ય રીતે સેનેટની બેઠકમાં કુલપતિ કાર્યભાર સંભાળતા હોય છે. પરંતુ આ બાબતે કુલપતિએ તબિયત ખરાબ હોવાનું બહાનું આગળ ધરીને આ બેઠકનો ચાર્જ ઉપકુલપતિને સોંપી દેતા ગુજ.યુનિ.ના ઈતિહાસમાં પ્રથમ વખત સેનેટની બેઠક ઉપકુલપતિ સંભાળશે.

સમિતિ આ બેઠક નવા આવેલા કુલપતિએ તેમના આવ્યા બાદ વિવિધ મુદ્દે તેમણે કરેલા વિવાદાસ્પદ નિર્ણયોના લીધે તોફાની બને તેમ લાગતું હતું.